# વનશ્રી ટ્રસ્ટ દ્વારા ચકલીના માળા-પક્ષીઘરનું વિતરણ








વનશ્રી ટ્રસ્ટ દ્વારા પ્રતિ વર્ષની જેમ ચકલીના માળા અને પક્ષીપરબનું વિતરણ આ વખતે પણ શરૂ કરવામાં આવ્યું છે. એસટી ડેપો, સરકારી કચેરીઓ અને જાહેર સ્થળોએ ટ્રસ્ટના સ્વયંસેવકો દ્વારા પક્ષી પરબનું મફત વિતરણ કરવામાં આવી રહ્યું છે.

સમગ્ર સંચાલન વનશ્રી ટ્રસ્ટના મહાવીર નિમાવત અને ઉત્કર્ષ ગુટના દ્વારા કરવામાં આવી રહ્યું છે. ૫૦૦થી પણ વધારે પક્ષી પરબનું વિતરણ કરવાનું સંસ્થાનું આયોજન છે.

## જન્મદિને વધામણી



નંદાબેન રમેશભાઈ પરમાર
મો. ૯૯૭૯૦ ૮૨૯૬૨



અજય રાવલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# એસવીકેએમના શિક્ષકોને વેદિક મેથ્સની તાલીમ



સાંપ્રત સમયમાં વેદિક મેથ્સનું મહત્ત્વ વધતાં શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓને વેદિક મેથ્સનું જ્ઞાન સારી રીતે આપી શકે તે હેતુથી ત્રણ દિવસ સુધી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિવિધ શાળાઓના ૪૧ શિક્ષકોને વિવિધ એવોર્ડ વિજેતા વેદિક ગણિતના નિષ્ણાત રાજેશકુમાર ઠાકુર દ્વારા તાલીમ આપવામાં આવી હતી.

### આઈઆઈટી, ગાંધીનગર ખાતે

# એન્વાયર્મેન્ટલ ગવર્નન્સ વિષયે ચર્ચાસત્ર યોજાયું



'એન્વાયર્મેન્ટલ ગવર્નન્સ' વિષયે એક ચર્ચાસત્રનું આયોજન ગુરુવારે આઈઆઈટી, ગાંધીનગરના અર્થ સાયન્સ એન્ડ હ્યુમેનિટીસ એન્ડ સોશિયલ સાયન્સીઝ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. સાયન્ટીફિક કમ્યુનિટીનો સ્કોપ વિસ્તારવા તથા પર્યાવરણ ક્ષેત્રમાં તેના ફાયદા મળી રહે તે હેતુસર આ ચર્ચાસત્ર હાથ ધરવામાં આવ્યું હતું. દેશભરમાંથી આવેલા વૈજ્ઞાનિકોએ આ ચર્ચાસત્રમાં ભાગ લીધો હતો અને પૉલિસી મેકર્સ તથા ઈમ્પ્લીમેન્ટર્સ વચ્ચે પોતાની સેતુરૂપ ભૂમિકા અંગે વિશદ ચર્ચાઓ કરી હતી.

## આરટીઈ અંતર્ગત ઓનલાઈન ફોર્મ હવે પચીસમી સુધી ભરી શકાશે

ગાંધીનગર, તા. ૨૦

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ માટેની ઓનલાઈન ફોર્મ ભરવાની મુદતમાં ૧૦ દિવસનો વધારો કરાયો છે. લોકસભાની ચૂંટણીને લઈ વાલીઓને આવકના દાખલા મેળવવામાં વિલંબ થતો હોવાથી મુદતમાં વધારો કરવામાં આવે તેવી રજૂઆત રિસિવિંગ સેન્ટર ખાતે મળી હતી. જેના પગલે પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા આરટીઈના ફોર્મ ભરવાની મુદતમાં ૧૦ દિવસનો વધારો કરવાનો નિર્ણય લીધો હતો. અગાઉના કાર્યક્રમ મુજબ ૧૫ એપ્રિલ સુધી જ ઓનલાઈન ફોર્મ ભરી શકાશે તેમ જણાવાયું હતું. હવે વાલીઓ ૨૫ એપ્રિલ સુધી આરટીઈમાં પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરી શકશે. અને હવે આરટીઈની પ્રવેશ યાદી ૨૫ એપ્રિલના બદલે ૬ઠ્ઠી મેના રોજ જાહેર કરાશે.

### શેઠ સી. એમ. હાઈસ્કૂલ ખાતે

# 'કમ્યુનીટી ડે' વર્કશૉપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ,સે-૨૩ કડી સંકુલમાં 'કમ્યુનીટી ડે' ના સંદર્ભમાં બુધવારે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શેઠ સી.એમ.સ્કૂલના લગભગ ૮૦ થી વધુ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ અવસર નીતિ આયોગનાં દર્શાવ્યા મુજબ અટલ ટીંકરીંગ લેબમાં ડૉ. ભીમરાવ આંબેડકરના જન્મ દિવસને 'કમ્યુનીટી ડે' તરીકે ઉજવવામાં આવે છે.

ઈન્ટેલ કંપની દ્વારા કોમ્પીટીશન સ્પર્ધામાં શાળા દ્વારા સૌથી વધુ રજીસ્ટ્રેશન કરાવી સક્રિયપણે ભાગ લઈ



વિદ્યાર્થીઓના પ્રદાન બદલ રૂ. ૨,૦૦,૦૦૦ (બે લાખ રૂપિયા)ના ૨૦ ઈન્ટેલ ગેલેલિયો શેઠ સી. એમ. શાળાને પ્રાપ્ત થયેલ છે. આ વર્કશોપમાં અટલ ટીંકરીગ લેબ તથા વૈજ્ઞાનિકો અને વિજ્ઞાન-ટેકનોલોજીનું મહત્વ તેમજ આ લેબની ઉપયોગિતા વિશે માહિતી આપવામાં આવી હતી. મુખ્ય પ્રવૃત્તિ તરીકે બાળકો દ્વારા પેપર બિલ્ડિંગ બનાવડાવ્યા હતા. તેમાં બધા જ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ ખૂબ જ આનંદ અને ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિ કરી હતી. શેઠ સી.એમ. સ્કૂલના આચાર્યાશ્રી ડૉ. ચેતના બૂચે પણ વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. જેમાં શાળાના માધ્યમિક વિભાગના સુપરવાઈઝર દશરથભાઈ પટેલ તથા કન્વીનર સરોજબેન પ્રજાપતિ તથા શાળાના અન્ય શિક્ષકો પણ જોડાયા હતા. વૈભવભાઈ, સેજલબેન પરમાર તથા અજયભાઈએ ખૂબ જહેમતથી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગાંધીજીનો વિનોદ

॥ પાંચમો મણકો ॥

**૭ - મોચીઓને પદાર્થપાઠ**

દક્ષિણ આફ્રિકાની જેલોમાં અને ટૉલ્સટૉય ફાર્મમાં ગાંધીજીએ જોડા ચપ્પલ બનાવવાની સારી તાલીમ લીધી હતી. એક દિવસ ગાંધીજીને ખબર પડી કે વર્ધાના સત્યાગ્રહ આશ્રમ સાથે સંકળાયેલા ચર્માલયના મોચીઓ સારી ચપ્પલ બનાવી શકતા નથી તેથી તેમને પ્રત્યક્ષ પદાર્થપાઠ આપવા માટે ગાંધીજીએ મગનવાડીમાં બોલાવ્યા.

ગાંધીજીની આસપાસ પોતાનાં ઓજારો અને ચામડાંના કકડા લઈને મોચીઓ બેઠા હતા. એટલામાં સરદાર વલ્લભભાઈ, રાજેન્દ્રપ્રસાદ, મહાસભાના મંત્રી અને કાર્યવાહક સમિતિના બધા સભ્યો આવી પહોંચ્યા અને મોચીઓની આસપાસ ઊભા રહી નવું જ નાટક જોવા લાગ્યા.

'આ પટી આમ આડી જોઈ. ટાંકા આ જગ્યાએ દેવા જોઈએ.' ગાંધીજી મોચીઓને સમજાવી રહ્યા હતા.

પોતાને આપેલો સમય મોચીઓ લઈ રહ્યા હતા એટલે સભ્યોને અધીરા થતા જોઈ ગાંધીજી બોલ્યા,

'અરે બાપડાકોક દિવસ આવે છે અને એમને આટલો વખત આપું તેનો તમને દ્વેષ થાય કે ? સારાં ચપ્પલ કેમ બને તે તમારે જોવું હોય તો જુઓ.' પોતાની આસપાસ બધા મોટા નેતાઓ ઊભેલા જોઈ મોચીઓ ગભરાયા અને એક પછી એક ઊઠીને બહાર કામ કરવા લાગ્યા પણ તેમની ઠોકઠાકનો અવાજ તો થયા જ કરે.

'આવી ગંભીર ચર્ચા ચાલતી હોય ત્યાં વળી આ શી ઠોકઠાક ?' નેતાગણમાં અસંતોષ દેખાયો. કોઈકે એ અવાજ બંધ કરવાનું કહ્યું. પાસે બેઠેલા એક આશ્રમવાસી મોચીને કહેવા જવા ઉઠ્યા, તેને અટકાવીને ગાંધીજી બોલ્યા - અરે મોચી કામ કરતા હોય તેની નજીક બેસીને પણ કામ કરવાની આપણને ટેવ પડવી જોઈએ, અને આ ગ્રામઉદ્યોગ સંઘનું કાર્યાલય છે એની આ લોકોને ખબર કેમ પડે ?

**૮. જાપાની સ્ત્રી**

જાપાનનાં એક અગ્રગણ્ય કવિ યોન નોગુચી હિંદની મુલાકાતે આવ્યાં હતાં. હિંદમાં આવી મહાત્માજીને ન મળે તો તેમની મુલાકાત અધુરી જ ગણાય. એટલે ગાંધીજીને મળવા તે સેવાગ્રામમાં આવ્યાં. ગાંધીજીની તબિયત ત્યારે સારી ન હતી. તે સૂઈ રહ્યા હતા અને કપાળે માટીનો લેપ મૂક્યો હતો. તેમને આવકારતાં ગાંધીજી બોલ્યા -


હું ભારતવર્ષની માટીમાંથી જન્મ્યો છું એટલે ભારતવર્ષની માટી મારે માથે મુગટની જેમ વિરાજે છે.

કવિએ તેમની તબિયત વિશે પૂછ્યું. પછી ચર્ચાએ વળ્યાં. ચર્ચા ચાલી રહી હતી ત્યારે કસ્તૂરબા કંઈક કામસર ગાંધીજી પાસે આવ્યાં. તેમની કવિ સાથે ઓળખાણ કરાવવામાં આવી.

પછી હસતાં હસતાં ગાંધીજી બોલ્યા -

એ આબેહૂબ જાપાની સ્ત્રી હોય એવું તમને નથી લાગતું ?

સાંભળનારાઓ હાસ્ય ખાળી શક્યા નહીં પણ કવિ બોલ્યાં, 'હા. મારી માતા જેવાં જ છે.'



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર

# શબ્દ બ્રહ્મ છે, એ શુદ્ધ રીતે બોલાય તો મંત્ર બની શકે

**માતૃભાષા-ચિંતન**
**હર્ષદ પ્ર. શાહ**

૨૫૦ વર્ષની અંગ્રેજોની ગુલામીએ આપણામાં ગુલામીના ઘણા અવશેષો ઊંડે સુધી રોપી દીધા છે, જે મકે - શાસનકાર્યમાં અંગ્રેજી ભાષાનો પ્રભાવ અને ઉપયોગ, ન્યાયતંત્ર દ્વારા ચુકાદા અંગ્રેજી ભાષામાં આપવા, શિક્ષણતંત્રમાં અંગ્રેજી માધ્યમની બોલબાલા અને જાહોજલાલી, શાળાઓમાં બાળકોને ટાઈ પહેરાવી ચાવી ભરેલાં રમકડાંની જેમ દોડાવવાની ફેશન તથા માતાપિતા દ્વારા બાળકો સાથે ભેળસેળિયું ગુજલિશ બોલવાની હોડ...

આ યાદી બહુ લાંબી બની શકે... પણ અહીં જરા અટકીએ, શ્વાસ ઊંડો ભરીને સ્વસ્થચિત્તે વિચારીએ. શું આ આપણા દેશ માટે આવશ્યક છે ? અનિવાર્ય છે ? શું આ સ્વતંત્ર ભારતનું યોગ્ય લક્ષણ છે ? ભારતનું 'ભારતત્વ' ક્યાંય દેખાય છે ખરું ? શાસકીય રીતે સ્વતંત્ર ભારત માનસિકતાની દૃષ્ટિએ આજેય ગુલામ ભાસે છે. ઘેર ઘેર ગુલામીના છોડ પાંગરી રહ્યા છે. માતૃભાષાનો, સ્વત્વનો છોડ કરમાઈ રહ્યો છે. અત્યારે જન્મ લેતાં મોટા ભાગનાં બાળકો 'અંગ્રેજિયત'ના ધસમસતા વહેણમાં ઢસડાઈ રહ્યાં છે. અંગ્રેજી ભાષાની અતિશય પણ અનાવશ્યક એવી ઘેલછા અને અંગ્રેજી માધ્યમનું પ્રગાઢ ધુમ્મસ ચોતરફ એવાં તો છવાયાં છે કે 'સત્ય' અને 'સ્વત્વ' જોવાની દૃષ્ટિ જ ક્ષીણ થઈ ગઈ છે.

'સત્ય' એ છે કે ગુલામીના, દાસતાના અવશેષોને ગળે લગાડીને ફરવાથી સાચા અર્થમાં પ્રગતિ કે વિકાસ શું છે તે સ્વતંત્રતાનાં ૭૧ વર્ષમાં આપણે સમજી શક્યા નથી. પણ, પોતાની ભૂમિ ૧૮૦૦ વર્ષ પછી પાછી મેળવીને એમાં 'સ્વત્વ' ટકાવી રાખીને સ્વાભિમાનયુક્ત જીવન શું કહેવાય એનો સાક્ષાત્કાર ઈઝરાયેલે આ ૭૦ વર્ષમાં કર્યો છે. સ્વભાષા, સ્વભૂષા, સ્વદેશઈ અને સ્વત્વ જેવા શબ્દોના અર્થ જાણવા આપણે ઈઝરાયેલને સમજવું રહ્યું. રાષ્ટ્રનું હૃદય રાષ્ટ્રની પોતાની ભાષા છે. સ્વભાષાનું રક્તો રાષ્ટ્રની નાડીએ નાડીમાં પ્રસરતું રહે તો જ રાષ્ટ્રનું હૃદય સાચા અર્થમાં ધબકતું કરી શકાય. આ સત્ય અને આ તથ્ય ઈઝરાયેલના એક યહૂદી એલિસર બેન્યહૂદને સમજાયું અને પોતાના માનસપટ પર રચાયેલા આ સપનાને સાકાર કરવા પોતાનું સમગ્ર જીવન કસોટીની એરણે ચડાવી દીધું.

એલિસર બેન્યહૂદે પોતાના રાષ્ટ્રની હિબ્રૂ ભાષાને શી રીતે ધબકતી કરી એ સંઘર્ષગાથા વાંચવા ' ધરા તળે પ્રગટી ભગવદ્ભાષા' નામનું પુસ્તક હાથ ધરો... મન-મસ્તિષ્કના તાર ઝણઝણી ઊઠશે અને સ્વભાષા માટેના પવિત્ર નીરનું ઝરણું વહેતું થશે.

મારી વાત છે માતૃભાષાને પ્રેમ કરવાની, એને અનન્ય ભાવથી ચાહવાની, એને ઊંડાણથી માણવાની, એના સારસ્વતોના અણથક પ્રયાસોથી સર્જાયેલા સાહિત્યવૈભવને સ્પર્શવાની...

મારે કોઈ ભાષાની ટીકા નથી કરવી. પ્રત્યેક ભાષા માનવ-માનવને જોડનારી કડી છે. દરેક દેશના પરિવેશ અને પર્યાવરણને કેન્દ્રમાં રાખી ભાષાઓ આકાર પામતી હોય છે. દરેક રાષ્ટ્રની સંસ્કૃતિનું પ્રતિબિંબ એ રાષ્ટ્રની ભાષામાં ઝિલાય છે. પર્યાવરણ, પરિવેશ, જીવનશૈલી, સંસ્કાર અને સંસ્કૃતિ પ્રત્યેક રાષ્ટ્રની મૌલિકતા દર્શાવે છે. એની નકલ ન હોય. નકલ કરીએ તો સારા ન લાગીએ. દુર્દૈવ એ છે કે આપણે અત્યારે એવી નકલ જ... જેને કદાચ વાનરનકલ કહીએ તો ઘણાને ખોટું લાગી જાય... પણ, એ કરી રહ્યા છીએ. એનું પરિણામ સારું નહીં આવે. આપણે આપણી મૌલિકતા ગુમાવી દઈશું. આપણને કદાચ એવો સંભ્રમ થાય કે આપણે હવે વૈશ્વિક બની રહ્યા છીએ... તો એ ખરેખર ભ્રમ જ હશે, આપણી ભૂલ જ હશે. વૈશ્વિક બનવાનો કે વિશ્વમાનવ બનવાનો રાજમાર્ગ તો રાષ્ટ્રીયતા છે. આપણે આપણને જ નહીં સમજીએ કે આપણા રાષ્ટ્રના શ્વાસ-પ્રાણ-હાર્દને નહીં સમજીએ તો વિશ્વમાનવ તો શું સાચા માનવ પણ નહીં બની શકાય.

માટે દરેક વ્યક્તિએ, સમાજે અને રાષ્ટ્રે એ સારી પેઠે સમજી લેવું જોઈએ કે વિકાસ અને વૈશ્વિકતાની પૂર્વશરત સ્વભાષા-માતૃભાષા જ છે. અનેક રાષ્ટ્રોએ આ તથ્યને સિદ્ધ કર્યું છે.

વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્ર જો એટલું સમજી લે કે આત્મગૌરવ કે સ્વાભિમાન પણ એવી બાબતો છે કે જીવનસત્ત્વ સમાન છે, જીવાદોરી છે... તો પ્રજાનું હીર સોળે કળાએ ઝળકે અને પ્રજા વિકાસ માટે થનગની ઊઠે.

પરભાષા ઉલઝાવે છે, સ્વભાષા સુલઝાવે છે. મારા આ વાક્યનો અર્થ એવો તો નથી જ કે પરભાષા ન શીખવી.

પરભાષા શીખવી પણ માતૃભાષાના ભોગે નહીં.

પરભાષા બોલવી પણ માતૃભાષા ભૂલવી નહીં.

પરભાષા લખવી પણ માતૃભાષા અશુદ્ધ ન જ લખવી.

જેવું બોલાય, તેવું સંભળાય.

જેવું લખાય, તેવું વંચાય.

શું આપણે ઘઉં-ચોખામાં કાંકરાની અશુદ્ધિ ચલાવી લઈએ છીએ ?

શું આપણે પાણીને ગાળીને-ઉકાળીને એની અશુદ્ધિ દૂર નથી કરતા ?

તો ભાષાની અશુદ્ધિ ચાલશે?

ભાષાની અશુદ્ધિઓ ચાલુ રહેશે તો વિચારો દૂષિત થશે, સંસ્કારો બગડશે. ભાષાનું પ્રગટ રૂપ વાણી છે. આપણી ભાષા સરળ, સરસ, સચોટ, સુંદર, સંક્ષિપ્ત, સ્પષ્ટ અને સત્ય-આધારિત હોવી જોઈએ. આપણી પાસે આવી ભાષા, શબ્દભંડોળ અને મધુર વાણી હશે તો આપણી અભિવ્યક્તિ પણ છટાદાર બનશે અને દરેક ક્ષેત્રમાં તે આપણને સફળ બનાવશે... સાર્થક પણ બનાવશે.

આ વિચારને સંસ્કૃતના એક શ્લોકમાં સુંદર રીતે અભિવ્યક્ત કરાયો છે -

કેયૂરા ન વિભૂષયન્તિ, હારા ન ચન્દ્રોજ્જ્વલા,
ન સ્નાનં ન વિલેપનં ન કુસુમં, નાલંકૃતા મૂર્ધજા।
વાણ્યેકા સમલંકરોતિ પુરુષં, યા સંસ્કૃતા ધાર્યતે,
ક્ષીયન્તે ખલુ ભૂષણાનિ સતતં, વાગ્ભૂષણં ભૂષણમ્ ॥

કેયૂરો (બાજુબંધો-એક પ્રકારના અલંકાર) કે ચન્દ્ર જેવા ઉજ્જવળ હાર પણ પુરુષ (વ્યક્તિ)ને શોભાવતા નથી. સ્નાન કે ચંદનાદિકનું વિલેપન અને પુષ્પો તથા અલંકૃત કરેલા કેશ પણ પુરુષને શોભાવતા નથી. માત્ર સંસ્કૃતા વાણી એટલે વ્યાકરણ-દોષ વગરની વાણી જ વ્યક્તિની સાચી શોભા છે. ભૌતિક અલંકારો તો ખોવાઈ જાય, ચોરાઈ જાય, ક્ષીણ થઈ જાય પણ વાણીરૂપી આભૂષણ જીવનપર્યંત સાથે રહે છે.

અક્ષર-શબ્દ બ્રહ્મ છે... એ શુદ્ધ રીતે બોલાય તો મંત્ર બની શકે છે. માટે અક્ષરની આરાધના કરવાનો આનંદ આપણે આ લેખમાળામાં માણતા રહીશું.